R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-29 • ISSUE: 02 DATE: 11-01-20• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ભારત બંધ : બેન્કીંગ સેવાઓ ઠપ્પ,૨૫ કરોડથી વધુ લોકો બંધમાં જોડાયા : બંગાળ-બિહારમાં વ્યાપક હિંસા



ભારત બંધ એલાનમાં દેશના ૧૦ જેટલા ટેડ્ર યુનિયનો જોડાયા હતા અને ભારત બંધમાં મિશ્ર પ્રતિસાદ દેખાયો હતો. જો કે બેન્કીંગ, કોલસા,ક્રુડ,ડિફેન્સ, પબ્લિક સેકટર, ટ્રાન્સપોર્ટ સહિતના ક્ષેત્રોમાં ટ્રેડ યુનિયનો દ્વારા હડતાલ પાડવામાં આવી હતી જેના કારણે સજ્ઞ બંધ રહ્યુ હતું. વિવિધ ક્ષેત્રોના ટ્રેડ યુનિયનો દ્વારા કર્મચારીઓની ૧૬ જેટલી પડતર માંગણીઓના મુદ્દે બંધનું આયોજન કરવામા ંઆવ્યુ હતું. પશ્ચિમ બંગાળ,બિહાર,આંધ્ર, કર્ણાટક, કાશ્મીર,ઓડિશા,પંજાબ સહિતના મોટાભાગના રાજ્યોમાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.પશ્ચિમ બંગાળમાં કેટલાક વિસ્તારોમાં હિંસક ઘટનાઓ બની હતી. આ ઉપરાંત બિહાર,પંજાબ,આંધ્ર અને અન્ય સ્થળોએ લોકોએ રેલવે ટ્રેક ઉપર વિરોધ કરતાં અનેક ટ્રેનો મોડી પડી હતી.દેશવ્યાપી હડતાલમાં ૨૫ કરોડથી વધુ લોકો જોડાયા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.હડતાલ અને ભારત બંધને પગલે બેન્કીંગ, ટ્રાફિક અને ટ્રાન્સપોર્ટ સહિતની અનેક સેવાઓ ખોટકાઈ હતી. બેન્કો બંધ રહેતા આર્થિક વ્યવહારો રોકાઈ ગયા હતા.

### પ.બં.નામુખ્યમંત્રી મમતા બેનરજી ભારત બંધના એલાનમાં જોડાયા

ભારત બંધના એલાનમાં પશ્ચિમ બંગાળમાં બંધ સફળ રહ્યો હતો. કારણકે ત્યાના મુખ્યમંત્રી મમતા બેનરજી પણ બંધમાં રસ્તા પર ઉતર્યા હતા. પશ્ચિમ બંગાળમાં દેખાવકારોએ રેલવે ટ્રેક ઉપર ઘરણાં કરીને રેલ વ્યવહાર ખોરવી કાઢ્યો હતો. આ ઉપરાંત પ.બંગાળમાં છુટક હિંસક ઘટનાઓ બની હતી. મમતા બેનરજી એનડીએ સરકાર દ્વારા થોપિત સીએએ અને એનપીઆર વિરુધ્ધ દેખાવો કરી રહી છે.તેથી તેમના કાર્યકરો દ્વારા ભારે દેખાવો કરવામાં આવી રહ્યા છે. જેથી પ.બંગાળના ભાજપ એકમે આ બાબતે વિરોધમાં દેખાવો કરતાં સ્થાનિક કાર્યકરો વચ્ચે ઘર્ષણના બનાવો બન્યા હતા.માલદામાં દેખાવકારો દ્વારા પોલીસ પર બોમ્બ ફેકવામાં આવ્યા હતા.અને ગાડીઓને પણ આગ લગાડવામાં આવી હતી. પોલીસે પણ તોફાનીઓને કાબુમાં લેવા માટે બળ પ્રયોગ કરવો પડ્યો હતો.

## રાજસ્થાનના કોટાની હોસ્પીટલમાં એક મહિનામાં ૧૦૪ નવજાતના મોત

વિકાસની વાતો કરનાર સરકારો આરોગ્યની કથળતી સ્થિતિ બાબતે જરા પણ ચિતિંત નથી. પહેલા યુપીમાં કેટલાક નવજાતના મોત નિપજ્યા હવે રાજસ્થાનમાં એક હોસ્પીટલમાં એક માસમાં ૧૦૪ નવજાતના મોત નિપજ્યા. નેતાઓ માત્ર રાજનીતી કરવામાં માને છે.પરંતુ આરોગ્યની કથળતી સ્થિતિ માટે કોઈ જવાબદારી લેતુ નથી. હોસ્પીટલો એમાંય સરકારી ની સ્થિતિ ખસ્તાહાલ છે.પ્રાઈવેટ હોસ્પીટલોમાં સારવાર ખુબજ મોંઘી છે અને સામાન્ય માણસોને પોષાય તેમ નથી.સરકારે આરોગ્ય અંગેની ઉભી કરેલી સુવિધાઓ ખરેખર દેશના નાગરિકોને મળતી નથી.

## સીએએ માટેના નિયમો ઘડવા ગૃહમંત્રાલય રાજ્યોની સલાહ લેશે નહીં

કેન્દ્રીય ગૃહમંત્રાલય નાગરિકતા સુધારા કાયદા માટેના નિયમો ઘડવા રાજ્ય સરકારો તરફથી કોઈ ભલામણો માંગવામાં આવશે નહીં.સંસદમાં આ કાયદો પસાર થયા બાદ કેરલ,પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ,છત્તીસગઢ,રાજસ્થાન અને મહારાષ્ટ્રે સ્પષ્ટ કહ્યું છે કે તેઓ પોતાના રાજ્યમાં આ કાયદો લાગુ નહીં કરે.સંસદમાં કાયદો મંજુર થયા બાદ નિયમો ઘડવા એ સરકારના અધિકારક્ષેત્રમાં આવે છે.અરજદારે એ પુરવાર કરવાનુ છે કે તે ૨૦૧૪ ના ડિસેમ્બર પહેલાં ભારતમાં કઈ રીતે આવ્યો હતો.

દેશમાં એનઆરસી અને એનપીઆર ના મુદ્દે એક તરફ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે.્યારે બીજી તરફ દેશભરમાં અનેક વૃધ્ધો ૧૯૫૦ પહેલાં થયેલા જન્મના દાખલા લેવા માટે સરકારી ઓફીસોમાં લાઈનો લગાવી રહ્યા છે.આના કારણે સરકારી કર્મચારીઓની મુશ્કેલીઓ એકાએક વધી ગઈ છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

અમેરિકાએ આતંકવાદી ગતીવિધિઓના પ્રણેતા એવા સુલેમાનીનું કાસળ કાઢી નાંખ્યા બાદ સમગ્ર વિશ્વ ચિંતામાં સરી પડ્યું છે. દરેકને વિશ્વ યુધ્ધના ભણકારા સંભળાઈ રહ્યા છે. ઈરાને સુલેમાનીનો બદલો લેવાની જાહેરાત કરી દીધી છે. તેથી હવે ઈરાન કેવા પ્રકારના પગલાં લે છે તે જોવાનું રહેશે. અમેરિકાએ પણ ચેતવણી આપી છે કે જો ઈરાન કોઈપણ પ્રકારનુ દુસાહસ કરશે તો તેનો જડબાતોડ જવાબ અપાશે. ટ્રમ્પની ચેતવણી બાદ ઈરાને બદલાની કાર્યવાહીની શરુઆત કરતાં કેન્યામાં આવેલા અમેરિકી બેઝ સિમ્બા ઉપર અલ-શબાબ સંગઠન દ્વારા હુમલો કરાવ્યો અને અમરિકા ના સાત વિમાન અને ત્રણ લશ્કરી વાહનોનો નાશ કર્યો છે તેવા સમાચારો આવ્યા.જો કે આ અથડામણમાં અલ શબાબના ૪ આતંકવાદી ઠાર કરાયા હતા. પરંતુ હવાઈપટ્ટી સુરક્ષિત છે તેવું જણાવાયું હતું.

આ ઘટના બાદ બગદાદમાં આવેલા અમેરિકાના કેટલાક ઠેકાણા પર મિસાઈલ મારો કરવામાં આવ્યો જેમાં ઈરાને કરેલા દાવા મુજબ ૮૦ જેટલા સૈનિકો મરાયા પરંતુ અમેરિકી પ્રમુખે ઈરાનનો દાવો નકારી કાઢ્યો હતો.આ મુજબ ઈરાને લડાઈનં વધુ બળ આપ્યું છે. અમેરિકાએ વિશ્વની બીજી મહાસત્તાઓને પોતાની સાથે લેવા માટે પ્રયત્ન કર્યો પરંતુ રશિયા,ચીન જેવી મહાસત્તાઓએ અમેરિકાને ટેકો આપ્યો નથી. આ ઉપરાંત બ્રિટન, ફ્રાંસ, જર્મની અને કેટલાક યુનીયનના દેશોએ અંતર જાળવી રાખ્યું છે. જો કે અમેરિકાને દ.કોરીયા,જાપાન ,સાઉદી જેવા દેશો ટેકામાં ઉભા છે. પરંતુ વિશ્વમત અમેરિકાની તરફેણમાં કેળવાયો નથી.કારણકે બધા દેશો ત્રીજા વિશ્વયુધ્ધની દહેશતથી પોતાને અલગ કરવા માંગે છે. વિશ્વ આર્થિક મંદીની સાથે યુધ્ધમાં જોતરાવું તે દેશની પાયમાલી સર્જે અને દેશને ભારે નુકશાન પહોચાડી શકે. આવા કારણોસર કોઈપણ દેશ અમેરિકાની સાથે યુધ્ધમાં જોતરાવા તૈયાર નથી.

છતાં હજુ શરુઆતનો તબક્કો છે અને ક્યારે શું થશે તેની ભવિષ્યવાણી કરવી અશક્ય છે. બેઉ બાજુ જંગ માટે તૈયારી છે.અને બાંધછોડનો કોઈ અવકાશ નથી. મધ્યસ્થી કરવા પણ કોઈ તૈયાર નથી.અમેરિકાના પ્રમુખે હજુ પણ ઈરાનને ચેતવણીઓ આપે રાખી છે.વળતો કોઈ પ્રહાર કર્યો નથી.શક્ય છે ઈરાન વધુ છંછેડે તો અમેરિકા તેના પર આકરા પ્રહારો કરી શકે છે અને વિશ્વયુધ્ધની આગમાં વિશ્વ હોમાઈ શકે છે.

---

ઈરાની જનરલ કાસીમ સુલેમાનીની અમેરીકી હુમલામાં હત્યા બાદ ક્રુડ તેલની કિંમતો માં તોતીંગ વધારો થવા લાગ્યો છે.અમેરિકા અને ઈરાન વચ્ચેના તણાવને કારણે મિડલ ઈસ્ટમાં ક્રુડ તેલનો પુરવઠો ખોરવાઈ જવાના ભયે બેરલ દીઠ ૩ ડોલર વધ્યા જે ૨૦૧૭ પછીની સૌથી ઉંચી સપાટી છે. ઈરાન અમેરિકા સાથે સીધું યુધ્ધમાં સંડોવાય તેવી સંભાવના ઓછી છે પરંતુ તે ફરી એક વાર સાઉદી અરબની ઓઈલ રિફાયનરીઓ અને ઓઈલ ટેન્કરો પર હુમલા કરે તો ક્રુડ તેલનો પુરવઠો ખોરવાઈ જાય તેમ છે. ઈરાન હોર્મુઝની ખાડી બંધ કરે તો તેના ગંભીર પરિણામો આવી શકે છે. સાઉદી અરબ,ઈરાક,યુએઈ,કુવેત,કતાર અને ઈરાન દ્વારા હોર્મુઝની ખાડી દ્વારા રોજના ૧૫ મીલીયન બેરલ ક્રુડ દુનિયાભરમાં સપ્લાય થાય છે.યુધ્ધ ભારતને સૌથી મોટું નુકશાન કરી શકે છે.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# અમેરીકી થિંક ટેન્ક કોગ્રેસનલ રિસર્ચ સર્વીસએ નાગરિકતા સુધારા કાયદો અને પ્રસ્તાવિત એનઆરસી ભારતમાં લઘુમતી મુસ્લીમોના દરજ્જાને અસર કરશે.ભારતના ઇતિહાસમાં પહેલીવાર કાયદાકીય પ્રક્રિયામાં ધાર્મિક માપદંડ સામેલ કરાયા છે :૧૯૫૫થી અત્યાર સુધી આ કાયદામાં એકપણ સુધારો ધાર્મિક માપદંડના આધારે કરાયો નથી

અમેરીકી થિંક ટેન્ક કોગ્રેસનલ રિસર્ચ સર્વીસ એ જણાવ્યુ હતું કે મોદી સરકાર દ્વારા લાગુ કરાયેલો નાગરિકતા સુધારા કાયદો અને પ્રસ્તાવિત એનઆરસી ભારતમાં લઘુમતી મુસ્લીમોના દરજ્જાને અસર કરશે.૧૮મી ડિસેમ્બરે જારી કરાયેલા સીઆરએસના રિપોર્ટમાં જણાવવામાં આવ્યુ છે કે સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલી વાર દેશની કાયદાકીય પ્રક્રીયામાં ધાર્મિક માપદંડ સામેલ કરાયા છે. સીઆરએસએ જણાવ્યુ હતું કે ભારત સરકાર દ્વારા ઘડાયેલો નાગરિકતા સુધારા કાયદો અને પ્રસ્તાવિત એનઆરસી દેશના ૨૦ કરોડ મુસ્લીમોનો દરજ્જને અસર કરી શકે છે. આ સીઆરએસનો નાગરિકતા સુધારા કાયદા અને પ્રસ્તાવિત એનઆરસી પર પહેલો રિપોર્ટ છે. રિસર્ચ વિંગના બે પાનાના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ભારતનો નાગરિકતા કાયદો ૧૯૫૫ ગેરકાયદેસર વિદેશીને ભારતના નાગરિક બનતા અટકાવતો હતો.૧૯૫૫થી અત્યાર સુધીમાં આ કાયદામાં ઘણા સુધારા કરાયા હતા.પરંતૂ એક પણ સુધારો ધાર્મિક માપદંડના આધારે કરાયો નહોતો.

સીઆરએસએ જણાવ્યુ હતું કે નાગરિકતા સુધારા કાયદાના વિરોધીઓને ચેતવણી આપી છે કે વડાપ્રધાન મોદી અને ભારતીય જનતા પાર્ટી હિંદુ બહુમતીવાદ અને મુસ્લીમ વિરોધી એજન્ડા અપનાવી રહી છે જે ભારતના બિનસાંપ્રદાયિક પ્રજાસત્તાકના દરજ્જા સામે પડકારરુપ અને આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના નિયમોનું ઉલ્લંઘન છે. નાગરિકતા સુધારા કાયદામાં સુધારાયેલી મહત્વની જોગવાઈઓ ભારતના બંધારણના આર્ટીકલ ૧૪ અને ૧૫ નું ઉલ્લંઘન કરે છે.

સીઆરએસે જણાવ્યુ હતું કે કાયદામાં શ્રીલંકામાં બૌધ્ધ સતાવણીનો સામનો કરતાં તામિલ હિંદુ અને બર્માના રોહિંગ્યા મુસ્લીમોને કાયદાની જોગવાઈમાંથી બાકાત રાખીને અન્ય દેશોના નિરાશ્રિતો અંગે કોઈ સ્પષ્ટતા કરાઈ નથી. તેવીજ રીતે પાકિસ્તાનમાં સતાવણીનો સામનો કરી રહેલા એહમદિયા અને શિયાને આ કાયદા અંતગર્ત કોઈ સંરક્ષણ અપાયું નથી.

વોલ સ્ટ્રીટ જર્નલના એક લેખમાં જણાવવામાં આવ્યુ છે કે મોદી સરકાર ઈચ્છતી તો સીએએ અને એનઆરસી ના મુદ્દે મુસ્લીમોમાં પ્રવર્તી રહેલા ભયને ઓછો કરી શકતી હતી. પરંતુ તેનાથી ઉલ્ટું મોદી સરકાર લઘુમતી સમુદાયમાં ભયનું વાતાવરણ પ્રસરાવી રહી છે. વડાપ્રધાન મોદી સબકા સાથ સબકા વિકાસ એવી વાતો કરે છે પરંતુ તેમના કાર્યકાળમાં ધાર્મિક બહુમતીવાદને સમર્થન મળી રહ્યુ છે. વડાપ્રધાન મોદી અને અમિત શાહ મુસ્લીમો સામેની હિંસાના આરોપી કટ્ટરપંથીઓનું સમર્થન કરતા રહ્યા છે.

સીઆરએસ સંસદથી સ્વતંત્ર રિસર્ચ વિંગ છે જે અમેરિકી સાંસદોને નિર્ણયો લેવામાં મદદરુપ થાય તેવી માહિતી ઉપલબ્ધ થાય તે માટે ઘરેલું અને વૈશ્વીક મામલાઓ પર સમયાંતરે રિપોર્ટ આપતી રહે છે.

# મુંબઇમાં નાગરિક સંરક્ષણ ધારાના વિરોધમાં ભારે જનમેદનીએ વિરોધ દેખાવો યોજ્યા



મુંબઈમાં સીએએના સમર્થનમાં વિશાળ રેલીઓ યોજાઈ હતી. કેન્દ્ર સરકારે તાજેતરમાં સંસદના સત્રમાં પસાર કરાયેલા નાગરિક સુધારા કાયદા અને પ્રસ્તાવિત નેશનલ રજીસ્ટર ઓફ સીટીઝન્સ નો દેશભરમાં ભારે વિરોધ થઈ રહ્યો છે.મુંબઈ,દિલ્હી,અજમેર,વિજયવાડા સહિતના અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શનો યોજાયા હતા.દેખાવોમાં વિવિધ સંગઠનો અને કેટલાક રાજકીય નેતાઓએ ભાગ લીધો હતો. જ્યારે દેશમાં અનેક યુની.ના વિદ્યાર્થીઓ આ બાબતે એકસુત્ર થઈને સરકારનો વિરોધ કરી રહ્યા છે.

## જાણવા જેવું

ફ્રાંસમા ટુંકામાં ટુંકા નામના બે ગામો છે. એકનું નામ ઓ અને બીજાનું નામ વાય છે.

લોસ એંજલસની સ્ટાર હોલીવુડ રેસ્ટોરાંની મુતરડીઓમાં દરેક સ્ટેન્ડ પર ટીવી ગોઠવેલાં છે.

# સરકારી સિસ્ટમમાં અવિશ્વાસ ધરાવતા ૧૬ દેશના રાજદુતો અને રાજદ્વારીઓએ હિંસા અને પ્રદર્શનોના મામલે ગંભીર ચિંતા દર્શાવી

દેશમાં નાગરિકતા સુધારા કાયદા મુદ્દે ચાલી રહેલી હિંસા અને વિરોધ પ્રદર્શનોના મામલે ૧૬ દેશોના રાજદુતો અને રાજદ્વારીઓએ ચિંતા જાહેર કરી છે.કેટલાક રાજદુતોએ કહ્યુ હતું કે કલમ ૩૭૦ અને બાલાકોટ એરસ્ટ્રાઇકની જેમ સરકાર દ્વારા સ્પષ્ટતા કરવામાં નહીં આવતાં સરકારની સિસ્ટમ પ્રત્યે અવિશ્વાસ વધ્યો છે. જો કે રાજદ્વારીઓનું કહેવુ છે કે સીએએ એ ભારતનો આંતરીક મામલો છે.

વિદેશના રાજદુતો અને રાજદ્વારીઓનું કહેવું છે કે સરકારે પુલવામાં હુમલો, બાલાકોટ એરસ્ટ્રાઇક, કાશ્મીરમાં ૩૭૦મી કલમની નાબુદી અને અયોધ્યા ચુકાદા વખતે વિદેશના રાજદુતો અને રાજદ્વારીઓને અગાઉથી માહિતગાર કર્યા નહોતા.પણ સીએએના મુદ્દે પણ સરકારે કોઇ સ્પષ્ટતા કરી નથી.જી-૨૦ દેશમાં સામેલ એક રાજદુતે કહ્યુ હતું કે સીએએ હવે આંતરરાષ્ટ્રીય મુદ્દો બની ગયો છે. કારણકે તેમાં ભારતના ત્રણ પાડોશી દેશોના નાગરિકોને પણ સામેલ કરવામાં આવ્યા છે.

જી-૨૦ અને પી-૫ ગ્રુપમાં સામેલ દેશોના રાજદુતો અને રાજદ્વારીઓએ કહ્યુ હતું કે સીએએ મુદ્દો ઘણો સંવેદનશીલ છે. તેમાં કોઇપણ પ્રકારની ગેરસમજ દ્વીપક્ષીય સબંધો પર અસર કરી શકે છે. વિરોધ પ્રદર્શન ફક્ત મુસ્લીમો સુધી સીમીત નથી. પણ આ કાયદા સામે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ અવાજ ઉઠી રહ્યો છે. આ મામલે બાંગલાદેશના ગૃહપ્રધાન અને જાપાનના પીએમ શિન્જો અબેએ તેમની મુલાકાત રદ કરવી પડી છે.

# કાશ્મીર ખીણમાં હજુ મોબાઇલ અને ઇન્ટરનેટ સેવાઓ બંધ :લદાખના કારગિલમાં ૧૪૫ દિવસ બાદ મોબાઇલ ઇન્ટરનેટ સેવાઓ શરુ કરાઇ

કેન્દ્ર સરકારે પાંચમી ઓગષ્ટે જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતાં આર્ટીકલ ૩૭૦ને નાબુદ કર્યા પછી અલગ કરાયેલા કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખના કારગિલ જિલ્લામાં ૧૪૫ દિવસ પછી હવે મોબાઇલ-ઇન્ટરનેટ સેવાઓ શરુ કરાઇ હતી.સરકારે કાશ્મીરમાંથી ૭૦૦૦ થી વધુ અર્ધલશ્કરી દળો પાછા ખેંચી લેવાની જાહેરાત કરી હતી.આ જાહેરાત બાદ કારગીલમાં ઇન્ટરનેટ અને મોબાઇલ સેવાઓ બહાલ કરાઇ હતી.પાંચમી ઓગષ્ટ બાદ જમ્મુ-કાશ્મીરના વહીવટીતંત્રે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો હવાલો આપીને મોબાઇલ અને ઇન્ટરનેટ સેવાઓ તેમજ બ્રોડબેન્ડ સેવાઓ બંધ કરી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યુ હતું કે જમ્મુ-કાશ્મીરમાં સ્થિતિ સામાન્ય થયા બાદ અને યોગ્યસમયે આ સેવાઓ શરુ કરવામાં આવશે. લદાખમાં અધિકારીઓના જણાવ્યા પ્રમાણે હવે કારગીલ જિલ્લામાં સ્થિતિ સંપુર્ણ સમાન્ય બની છે. છેલ્લા ચાર મહિનાથી એક પણ અઇચ્છનીય બનાવ બન્યો નથી. સ્થાનિક ધાર્મિક નેતાઓને આ સુવિધાનો દુરપયોગ નહીં કરવા માટે અપીલ કરાઇ છે. જો કે હજુ કાશ્મીર ખીણ વિસ્તારમાં ઇન્ટરનેટ મોબાઇલ સેવાઓ શરુ કરાઇ નથી.

જમ્મુ-કાશ્મીરના મુખ્ય ધારાના રાજકીય નેતાઓ હજુ પણ અટકાયતમાં છે. જેમાં જમ્મુ-કાશ્મીરના પુર્વ મુખ્યમંત્રીઓ સહિત ઘણા રાજકીય નેતાઓ અને અલગાંવવાદી નેતાઓને પબ્લીક સેફટી એક્ટની જોગવાઇ અંતગર્ત કસ્ટડીમાં રખાયા છે. રાજ્યના ત્રણ વાર મુખ્યમંત્રી રહી ચુકેલા ફારુક અબ્દુલ્લાની કસ્ટડી ત્રણ મહિના માટે વધારાઇ છે.

# કેરળ વિધાનસભામાં સીએએને રદ કરવાનો ઠરાવ પસાર : નાગરિકતા સુધારા કાયદો દેશની ધર્મનિરપેક્ષ વિચારધારની વિરુધ્ધ હોવાનો મત

કેરળ વિધાનસભામાં વિવાદાસ્પદ નાગરિકતા સુધારા કાયદો રદ કરવાની માગણી કરતો ઠરાવ ૧૩૮ વિરુધ્ધ ૧ મતથી પસાર થયો હતો. મુખ્યમંત્રી વિજયને કહ્યુ હતું કે સીએએ એ દેશની ધર્મનિરપેક્ષતા વિચારધારાની વિરુધ્ધ છે. જે નાગરિકતા આપવામાં લોકો વચ્ચે ધાર્મિક ભેદભાવ સર્જે છે. આ કાયદો બંધારણના સિધ્ધાંતો અને મુળભુત મુલ્યોની વિરુધ્ધ છે. દેશના લોકોમાં આ મુદ્દે જે રીતે અસંતોષની જવાળા ફેલાઇ છે તે પછી કેન્દ્રએ સીએએનો અમલ પડતો મુકવો જોઇએ.અને બંધારણના ધર્મનિરપેક્ષ મુલ્યો જાળવવા જોઇએ.જે રીતે વ્યાપક વિરોધ દેશમાં થઇ રહ્યો છે તેના કારણે વિશ્વમાં ભારતની છબી ખરડાઇ છે.તેમણે કહ્યુ હતું કે સંઘની વિચારધારા દેશના ધર્મનિરપેક્ષ સિધ્ધાંતોને તોડવાનો એક ખતરનાક એજન્ડા ધરાવે છે. અને લઘુમતીઓની અવગણના કરે છે. સંઘ મુસ્લીમો, ખ્રિસ્તીઓને દેશના આંતરિક શત્રુ ગણે છે. સંઘની વિચારસરણી હિટલર જેવી છે.

ફ્રાંસમા ટુંકામાં ટુંકા નામના બે ગામો છે. એકનું નામ ઓ અને બીજાનું નામ વાય છે.

ગ્રીસના તત્વજ્ઞાની ઝેનોએ, પોતાના સ્વમાન ખાતર બે દાંત વચ્ચે જીભ કાપી નાંખી, રાજા ઉપર ફેકી હતી.

# ચીન હવે નવેસરથી ધર્મ ગ્રંથ કુરાન અને બાયબલ લખશે

ચીન સરકાર દ્વારા ઉઇઘુર મુસ્લીમો પરનો અત્યાચાર વધી રહ્યો છે અને આખા વિશ્વમાં તેની ભારે ટીકા થઇ રહી છે. વખતો વખત કાચંડાની જેમ રંગ બદલતા અને શાંતિની વાતો કરતાં ચીન દ્વારા મુસ્લીમોની ધાર્મિક પરંપરા અને રીતીરીવાજો અંગે કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ચીન હવે મુસ્લીમોનો ધર્મગ્રંથ કુરાન અને ખ્રિસ્તીઓના ધર્મગ્રંથ બાયબલ ફરીથી લખશે. આ માટેનો હેતુ સમાજવાદી મુલ્યોને પ્રતિબંધિત કરવાનો છે. ચીનમાં ઉઇઘુર મુસ્લીમોને બળજબરીથી પકડીને અટકાયતી છાવણીમાં પુરવામાં આવી રહ્યા છે.તેવા આક્ષેપો વચ્ચે ચીન દ્વારા બંને ધર્મગ્રંથોમાં ફેરફાર કરાઇ રહ્યો છે. ઉઇઘુર આંદોલનકારોને પકડી પકડીને તેમના પરિવારથી અલગ કરાઇ રહ્યા છે અને બળજબરીથી તેમનું ધર્મ પરિવર્તન કરાઇ રહ્યું છે.ઉઇઘુર મુસ્લીમો પરના અત્યાચારોની આખા વિશ્વમાં ટીકા થઇ રહી છે. અમેરિકાએ તાજેતરમાં સંસદમાં ઉઇઘુર માનવ અધિકાર નીતિ ખરડો પસાર કર્યો છે. જેમાં ચીને નજરકેદ કરેલા દસ લાખ ઉઇઘુર મુસ્લીમોને તેમજ અન્ય મુસ્લીમોને મુક્ત કરીને તમામ સવલતો આપવા માંગણી કરી છે.

# દિલ્હીમાં સીએએ અને એનઆરસી વિરુધ્ધમાં દેખાવો કરી રહેલી મહિલાઓ




દિલ્હીના જોરબાગ વિસ્તારમાં કોગ્રેસના નેતા અલકા લાંબા્ને દિલ્હીના પુર્વ ધારાસભ્ય શોએલ ઇકબાલ સહિત આમ આદમીના નેતાઓ વિરોધ પ્રદર્શનમાં સામેલ થયા હતા.દેશની રાજધાનીમાં વિરોધ પ્રદર્શનો હિંસક સ્વરુપ ના પકડે માટે મોટી સંખ્યાંમાં પોલીસદળો ખડકી દેવામાં આવ્યા હતા.યુવાનો અને યુવતીઓ આ વિરોધ પ્રદર્શનોમાં બહાર આવ્યા છે. જો કે ભાજપે પરિસ્થિતિની ગંભીરતા જોતા તેમના કાર્યકરોને વિરોધ પ્રદર્શનો સામે દેખાવો કરવા માટેના કાર્યક્રમો આપ્યા છે.

## જાણવા જેવું

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઇ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

ઈટાલીમાં ૧૦ લાખ પાઉન્ડ ઝવેરાત જડેલી જમણા પગની એક મોજડી હાથ લાગી હતી


**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# જીભને જીતવી એ બધી જ વસ્તુઓને જીતવા બરાબર છે

દરેક માણસને જુદી જુદી ચીજવસ્તુઓ ખાવાનો શોખ હોય છે.દરેકને જુદો જુદો સ્વાદ હોય છે. આ સ્વાદ જે છે તે જીભ સાથે સીધો સંકળાયેલો છે. આપણા શરીરના દરેક અવયવની પોતાની કામગીરી ઈશ્વરે નિર્મિત કરેલી છે.આંખનું કામ જોવાનું, નાકનું શ્વાસોચ્છવાસ કરવાનું અને મોઢાનું કામ ખાવાનું છે. દાંતનુ કામ ખોરાક ચાવવાનું છે અને જીભનું? જીભનુ મુળ કામ તો મોઢામાના ખોરાકને આઘોપાછો કરીને એમાં લાળ ભેળવવાનું હોય છે.જીભ એ સ્વાદની ઈન્દ્રીય છે.પણ માણસ જાતે જીભનો ઉપયોગ બોલવાની ક્રિયા સાથે જોડ્યો છે.સ્વાદની સાથે સાથે એ ભાષાના ઉચ્ચાર-વાણી માટે પણ વધારાની કામગીરી કરે છે.જીભ-સ્વાદ અને વાચા એમ બેવડી ભુમિકા ભજવે છે.જીભ માટે આપણી ભાષામાં અનેક રૂઢીપ્રયોગો કહેવાતા ઉખાણા મળે છે.પણ આપણે તો એની બોલવાની કર્મેન્દ્રીય તરીકે ન જોતા સ્વાદેન્દ્રીય તરીકે ઓળખવી જોઈએ તો સ્વાદ પારખવાની અને સ્વાદ ચાખવાની કામગીરી માત્ર જીભની જ છે.મોઢામાંથી ગળા નીચે ખોરાક ઉતરે ત્યારથી એના સ્વાદનો અનુભવ પુરો થાય છે.ખાટો-તીખો-તુરો-કડવો- આ બધા જ સ્વાદની પરખ જીભ દ્વારા જ થાય છે.દરેક વ્યક્તિને ખાવા માટે જુદા જુદા સ્વાદ પસંદ હોય છે.બધા જ સ્વાદ બધાને અનુકુળ હોતા નથી.આપણે જે વસ્તુ ચાખીએ છીએ તે રસનેન્દ્રીયથી જે અનુભવ થાયછે. એ સ્વાદ છે સ્વાદનો શોખ હોય, પણ પોતાની શરીરની જરુરીયાત પ્રમાણે જ એને લેવામાં આવે તો વાંધો નથી.સ્વાદ એક એવી બાબત છે,જેને એનો ચટકો લાગે તે એને છોડી શકતો નથી.ઘણી વખત માણસ આવી આંધળી સ્વાદભક્તિ મૃત્યુ સુધી પણ લઈ જતી હોય છે. સ્વાદને જીતવો સહેલી બાબત નથી. ગાંધીજીએ કહ્યું છે : જેણે સ્વાદને જીત્યો નથી એ વિષયને જીતી શકતો નથી, સ્વાદને જીતવો કઠીન છે,પણ એ વિજયની સાથે જ બીજો વિષય સંભવે છે.આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે : જેણે રસ જીત્યો તેણે જગતને જીત્યું , એ રીતે સ્વાદના જયનો મહિમા ગાવામાં આવ્યો છે.સ્વાદની શક્તિ અમાપ છે.દરેકને સ્વાદની જરુરીયાત અલગ અને ઓછી વત્તી હોય છે. જીભ ઉપર ઝીણી ઝીણી ફોડકીઓ જેવા સ્વાદઅંકુરો રહેલા છે.એમાંથી નીચલી નાડીઓમાં શાખા જાય છે જેથી જીભ જુદા જુદા સ્વાદ કે રસો ચાખી શકે છે.

કેટલીક વસ્તુઓ આપણને અધિક સ્વાદિષ્ટ લાગતી હોય, એ ખાવામાં પ્રમાણભાન અતિ જરુરી છે.અકરાંતિયાની જેમ ખા ખા કરવાથી તે રોગને આમંત્રણ આપે છે. ભાવતી વસ્તુ વધારે ખાવી એના કરતાં તે ઓછી ખાઈને એનો સ્વાદ માણી શકાય છે.ભાવતી વાનગી પ્રત્યેનો વધારે પડતો ભાવ માણસને મૃત્યુનો માર્ગ ચીંધતો હોય છે.સ્વાદને માણવો એ એક અલગ પ્રક્રિયા છે.અને સ્વાદને પેટમાં મન ફાવે તેમ ભરવો તે બીજી બાબત છે.આપણે જાણીએ છીએ કે જે વસ્તુ પ્રત્યે આપણને વધારે આર્કષણ હોય તે વધારેમાં વધારે દુઃખી કરે છે.આપણા શરીરને અનુકુળ ન હોય છતાંય આપણને એનો સ્વાદ દાઢે લાગ્યો હોય, તો પણ એનો ત્યાગ કરવો એમાં જ આપણું શ્રેય છે.ચીનમાં કહેવત છે : ઓછુ ખાવ-લાંબુ જીવો. આપણા શાસ્ત્રોમાં પણ એ જ વાત ઢોલ વગાડીને કહેવામાં આવી છે.આપણે આગળ કહ્યું એમ જીભને જીતો, જીભને બે રીતે જીતવાની હોય છે. એક તો એનો સ્વાદ અને બીજી એની વાણી. સ્વાદને જીતો તો નિરોગી રહેશો અને વાણી જીતશો તો સંસાર સાથે પ્રેમમય રહેશો.મહાત્મા ગાંધીએ કહ્યું છે : જીભને જીતવી એ બધી જ વસ્તુઓ જીતવા બરાબર છે.જીભ ધારે તો આ વિશ્વનો વિનાશ નોતરી શકે છે.જીભથી આપણો અંત આવી શકે,જીભનો સ્વાદ વિનાશને પણ બોલાવી શકે છે.જે જે વધારે સ્વાદિષ્ટ હોય તેને ઉત્તરોત્તર ખાવું જોઈએ. સ્વાદનો આનંદ લેવો જોઈએ. આપણું પેટ કોઈ ગટર નથી કે ગમે તે અંદર નાખી શકાય.જો એવું થાય તો એના પરિણામ કેવા આવે છે. એનો આપણને અનુભવ છે.

જે કંઈ ખાઈએ છીએ એનો સ્વાદ માત્ર ને માત્ર ભાષા દ્વાર જ થાય છે.જીભ જો સ્વાદ રહિત બની જાય તો આપણને કોઈપણ રસની કશી જ ખબર પડે નહી.જેટલા ખાદ્ય પદાર્થ છે એનો સ્વાદ જીભના આગળના ભાગ સાથે ક્ષણભરના સંયોગથી છે.ગળાની નીચે ઉતર્યો કે સ્વાદિષ્ટ અને સ્વાદહીન ભોજન બંને એક છે.મોઢામાંથી કોળીયો નીચે ઉતરતાંની સાથે જે એનો સ્વાદ આપણે માણી શકતા નથી.એક ક્ષણ માટેનો આનંદ આપણને કેવા કેવા રંગ બતાવતો હોય છે.આપણે જાણીએ છીએ કે જીવનમાં સંયમ મહત્વનો છે. જો આપણે આપણી જીભ ઉપર સંયમ રાખતા શીખી જઈએ તો કોઈપણ પ્રકારનો પ્રશ્ન રહેતો નથી.સ્વભાવ અને સ્વાદને કાબુમાં રાખતા શીખો.સારો સ્વાદ અને સારો સ્વભાવ માણસની ઉંચાઈ વધારે છે.સ્વાદનો સબંધ જીભની જેમ સ્વાસ્થ સાથે પણ છે.વધારે પડતા ચટકા વધારે રોગ નિમંત્રે છે.સ્વાદ પ્રત્યે રાગ હોવો ન જોઈએ.કોઈપણ વસ્તુ પ્રત્યેનો અતિરાગ જીવનને ડુબાડતો હોય છે.આપણે જીવવા માટે ખાવું જોઈએ.ખાવા માટે જીવવાની જરુર નથી.કેટલાક લોકો તો માત્ર ખાવા માટે જ જીવતા હોય એવા અનુભવ થાય છે.એવા લોકોને ઈશ્વર વહેલા બોલાવતો હોય છે.

સ્વામી રામતીર્થે કહ્યું છે : જગતના લોકો જેને મજા અથવા સ્વાદ કહે છે, તે પોતાની ઝેરીલી અસર કર્યા વિના કેવી રીતે રહી શકે ?જેને સ્વાદના ચટકા છે, એ ઝેર સમાન છે. આપણે જે ખાવાની વધારે ઈચ્છા હોય એનો યોગ્ય માત્રામાં જ ઉપયોગ થાય એ જરુરી છે.વધારે ખાઓ-સ્મશાને જાઓ,એવો ઘાટ થાય છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# વસતી ગણતરીનું કામ ના કરનાર રાજ્ય સરકારના કર્મચારીને સજા કરી શકાશે : કાયદા હેઠળ કોઈપણ સ્ટાફ જવાબદારી લેવાનો ઈન્કાર કરી શકે નહીં

રાજ્ય સરકારના કર્મચારીઓ આ બંને કાયદાઓ હેઠળ સરકાર દ્વારા સોપવામાં આવનાર વસ્તી ગણતરીનું કામ કરવા બંધાયેલા છે. એનપીઆર માટે આંકડાઓ એકઠા કરતી વખતે મકાનોની યાદી તૈયાર કરવાની જવાબદારી નિભાવનાર કર્મચારીઓ તેમજ વસ્તી ગણતરી અધિકારીઓ બંનેને આ જોગવાઈ લાગુ પડશે.ભારતીય વસ્તી ગણતરી કાયદા મુજબ રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના સત્તાવાળાઓ દ્વારા તેમના વિસ્તારોમાં વસતી ગણતરી માટે અધિકારીઓની નિયક્તિ કરવાનું અનિવાર્ય છે.જેમાં મુખ્ય વસ્તી ગણતરી અધિકારી, જિલ્લા અને ઉપ જિલ્લા અધિકારી અને નિરિક્ષક તેમજ ન્યુમરેટરનો સમાવેશ થાય છે. આ કાયદાની કલમ ૧૧ મુજબ વસતી ગણતરીનું કામ કરવાનો ઈન્કાર કરનાર રાજ્ય સરકારના કર્મચારીને ૩ વર્ષની જેલ કે દંડ સાથે જેલની સજા થઈ શકે છે. સરકારે કર્મચારીઓ માટે વસ્તી ગણતરીનું કામ અનિવાર્ય બનાવ્યું છે.

દેશભરમાં ૨૦૨૧થી શરુ થનારી વસ્તી ગણતરીનું કામ કરવા ઈન્કાર કરનાર રાજ્ય સરકારના કર્મચારીને ૩ વર્ષની કેદની સજા કરવાની કાયદામાં જોગવાઈ કરેલી છે. આછી રાજ્ય સરકાર અને સ્થાનિક સંસ્થાઓના કર્મચારીઓ કે જેમને વસ્તી ગણતરી બોર્ડ અને રજીસ્ટ્રાર જનરલ ઓફ સિટીઝન રજીસ્ટ્રેશન માટે વસ્તી ગણતરી અને એનપીઆરની કામગીરીમાં મદદગારી કરવાની જવાબદારી સોપાઈ છે.તેઓ સેન્સસ ઓફ ઈન્ડીયા એક્ટ ૧૯૪૮ તેમજ સીટીઝનશીપ રુલ્સ ૨૦૦૩ હેઠળ કામ કરવાનો ઈન્કાર કરી શકે નહીં.


વિનંતી



તમારી પ્રાર્થનામાં
અમારી સેવાઓને
ખાસ યાદ રાખશો.


# ભારતીય નૌસેના ના બેઝ, ડોકયાર્ડ અને જહાજો પર સ્માર્ટ ફોન પર પ્રતિબંધ

ભારતીય નેવી દ્વારા જાસુસી તેમજ ઓનલાઈન ધમકીઓ રોકવા માટે ફરજ પર રહેલા જવાનો અને કર્મચારીઓ પર સ્માર્ટફોનનો તેમજ ફેસબુક અને વોટ્સએપ જેવી સોશ્યલ મીડીયા સાઈટ્સનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. નેવીના જવાનો અને કર્મચારીઓ હવે નેવી બેઝ પર,ડોકયાર્ડમાં, કે જહાજો પર સ્માર્ટ ફોનનો ઉપયોગ કરી શકેશે નહીં. તાજેતરમાં હની ટ્રેપમાં જાસુસી ઘટનાઓમાં કેટલાક લોકો પકડાતાં આ પગલું લેવામાં આવ્યું છે. નેવીના કર્મચારીઓ હવે મેસેજીંગ એપ,નેટવર્કીંગ સાઈટ,બ્લોગિગ સાઈટ, કન્ટેન્ટ શેરીંગ,હોસ્ટીંગ, ઈ-કોમર્સ સાઈટનો ઉપયોગ કરી શકશે નહીં. આમાં ફેસબુક,ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપનો પણ સમાવેશ થાય છે. આમ સ્માર્ટફોન પર પ્રતિબંધ લાગી ગયો છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ. એમ. મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.